ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૯-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાહુલ અને મોદીઃ કૌન બનેગા પ્રધાનમંત્રી?

રશિયાથી પાછા ફરતાં વડાપ્રધાન ડો. મનમોહનસિંહે અત્યંત સ્પષ્ટ શબ્દોમાં પોતે આગામી ૨૦૧૪ની ચૂંટણી પછી કોંગ્રેસ સંસદીય પાંખનું નેતૃત્વ નહીં કરવાનો સંકેત પાઠવી દીધો છે અને પાર્ટીલાઈન મુજબ રાહુલ ગાંધીને વડાપ્રધાનપદ માટે સૌથી યોગ્ય ઉમેદવાર ઠેરવવા ઉપરાંત એમના નેતૃત્વ હેઠળ કામ કરવાની પણ તૈયારી દર્શાવી છે. ડો. મનમોહનસિંહના જ શ્રીમુખે રાહુલ ગાંધીના નામની જાહેરાત થતાં હવે કોંગ્રેસની રણનીતિનો ખુલાશો થઈ ગયો છે. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદીનાં વ્યક્તિત્વ સામસામા છેડાનાં છે. રાહુલ સૌમ્ય છે, શરમાળ છે, નિરભિમાની છે અને વડાપ્રધાનપદ માટે પાર્ટીના કોઈ વરિષ્ઠ નેતાને આગળ કરી સંગઠનને વધુ કાર્યક્ષમ બનાવવાનો વિનમ્ર અભિગમ ધરાવે છે. એ જુદી વાત છે કે કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય ફલક પર મૂકવા લાયક બીજા ચહેરાઓની સરખામણીમાં રાહુલ સૌથી વધારે લાયક ઉમેદવાર છે. અનુભવ અને જ્ઞાનની રૂએ રાહુલ કરતાં ઘણી વધારે લાયકાત એન્ટોની અને ચિદંબરમ્ કે દિગ્વિજયસિંહ પાસે ગણાય, પરંતુ સ્વીકૃતિની દૃષ્ટિએ રાહુલ સર્વમાન્ય છે. એનું સૌથી મહત્વનું કારણ છે એમનું નહેરુ-ગાંધી પરિવારના વારસ હોવું. રાહુલ પોતે આ વાતનો ખૂબ નિખાલસતાપૂર્વક સ્વીકાર કરે છે. તેઓ કોંગ્રેસમાં સરજાયેલી નેતૃત્વની કટોકટીનો દીર્ઘકાલીન ઉકેલ આણવા કૃતસંકલ્પ છે. પોતે પેરાશૂટ દ્વારા સીધા આકાશમાંથી ઊતરી આવેલા નેતા છે એ વાત કબૂલે છે અને ગ્રાસરૂટ સ્તરે નવી નેતાગીરી તૈયાર થવી જોઈએ એવી દૃઢ માન્યતા ધરાવે છે. તેથી એમને જેટલી કોંગ્રેસને સંગઠનની દૃષ્ટિએ મજબૂત બનાવવાની ખેવના છે એટલી વડાપ્રધાન બની જવાની ઉતાવળ નથી. બનવા જોગ કે ડો.મનમોહનસિંહ અને ચિંદમ્બરમ્ સહિત તમામ વરિષ્ઠ નેતાઓ એમના નામનું રટણ કરતા રહે છતાં રાહુલ ગાંધી છેલ્લી ક્ષણ સુધી નેતૃત્વ સંભાળવા મુદ્દે અવઢવ અનુભવે. છેલ્લી ઘડીએ મહિલાઓને રાજી કરવાની રણનીતિ અપનાવે અને દલિત કાર્ડ ઊતરી વર્તમાન લોકસભાનાં મહિલા સ્પીકર ડો. મીરાકુમારને મેદાનમાં ઉતારી દે ! રાહુલ કોઈપણ રીતે કોંગ્રેસની ડૂબતી નાવ ઉગારવા પ્રયાસ કરશે- એ માટે પોતે સોનિયા ગાંધી જેવો ભવ્ય ત્યાગ કરવાની પણ તૈયારી રાખશે. એ જાણે છે કે પોતે હટી જઈને વધુ અનુભવી કે લાયક નેતાઓ આ પદ સોંપવાથી જો ભાજપ- જેને સાંપ્રદાયિક પાર્ટી તરીકે દેશના મોટા ભાગના પ્રાદેશિક પક્ષો પણ સત્તાથી વેગળી રાખવા માગે છે- તે હેતુ સિદ્ધ થઈ શકતો હોય તો રાહુલ ગાંધી પાસે તો હજી ઘણાં વર્ષો પડ્યાં છે. વળી તેઓ જેને આગળ ધરશે તે એમના ઉપકાર હેઠળ તો રહેશે જ. ત્યાં સુધી કે કદાચ ચુપીએ પાસે પૂરતી સભ્ય સંખ્યા ન થતી હોય તો તેઓ ત્રીજા મોરચાનાં પરિબળોને ટેકો આપીને પણ ભાજપ (કૌંસમાં નરેન્દ્ર મોદી )ને સત્તા પર આવતા અટકાવવા મરણિયા પ્રયત્નો કરશે. રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી વચ્ચે કદાચ પ્રજાને સીધી પસંદગી કરવાની હોય તો વાકછટા, વિકાસપુરુષ તરીકેની અને હિંદુ હૃદય સમ્રાટ તરીકેની લોકપ્રિયતાના મુદ્દે મોદીનું પલ્લું નમે; પરંતુ રાહુલ ગાંધીની નીયત નરેન્દ્ર મોદી કરતાં વધુ સાફ છે; એમની છબી એકદમ ડાઘ વગરની છે. દલિતો-આદિવાસીઓ-પછાતવર્ગો અને લઘુમતી મતદારોમાં રાહુલ વધુ સ્વીકૃત બની શકે એમ છે. યુવાનોને આકર્ષનારા મોદી સાઠ વટવી ચૂક્યા છે. રાહુલ સાચા અર્થમાં યુવાન નેતા છે. એમને નડે છે તે છે કોંગ્રેસ શાસન દરમિયાન થયેલા વિવિધ ગોટાળા અને વિશેષ તો એમના બનેવી રોબર્ટ વાડરા ! જો એ આ તમામ મુદ્દે નિખાલશ નિવેદન કરી પ્રજા સમક્ષ આવશે તો એમ રાજીવ ગાંધીને 'મિ.ક્લીન' તરીકે પ્રજાએ તક આપી હતી તેમ રાહુલ ગાંધીને પણ એક તક આપવાનું પસંદ કરે. નરેન્દ્ર મોદીના સૌથી મોટા દુશ્મન નરેન્દ્ર મોદી પોતે છે. અતિપ્રચાર અને અતિમહત્ત્વાકાંક્ષા ઉપરાંત ડંખીલા સ્વભાવને કારણે એમની કાર્યદક્ષતા છતાં એ બૌદ્ધિકો સહિત રાજકીય પરિબળોમાં અપ્રિય છે. ખુદ એમના પોતાના પક્ષમાં સર્વસ્વીકૃત બનતાં એમને નવ નેજાં થઈ રહ્યાં છે ત્યાં બિનસાંપ્રદાયિક રાજકીય વિચારધારાને વરેલાં અથવા એનો દેખાવ કરતા પ્રાદેશિક પક્ષોનો સહયોગ કઈ રીતે મેળવશે તે પ્રશ્ન છે. એકલા હાથે ૨૭૨ વાળી એમની ફ્રોમ્યુલા તો છત્તીસગઢના બનાવટી લાલ કિલ્લા કે દંતકથાના હવાઈ કિલ્લા જેવી જ લાગે છે. !!

# વહાણવટી વિદ્યાલયના ખેલાડીઓ એથ્લેટીકસ સ્પર્ધામાં ઝળકયા

શહેરની જે.એમ.ચૌધરી સ્કુલ ખાતે ગાંધીનગર પૂર્વ વિભાગ વ્યાયામ મંડળ દ્વારા વિવિધ એથ્લેટીકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની વિવિધ શાળાના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગાંધીનગર પૂર્વ વિભાગ વ્યાયામ મંડળ દ્વારા જે.એમ. ચૌધરી શાળા ખાતે બરછી ફેંક, દોડ, લાંબી કુદ, ચક ફેંક સહિત વિવિધ રમતોનુંઆયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વહાવટી વિદ્યાલયના ખેલાડીઓએ વિવિધ રમતમાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય સ્થાન મેળવ્યું હતું. જેમાં અન્ડર-૧૫ ચક્રફેંકમાંપ્રથમ ક્રમે ઠાકોર કેવીલ દેવજીભાઈ, દ્વતિય ક્રમે બિહોલા અજયસિંહ મહેન્દ્રસિંહ, બરછી ફેંકમાં પ્રથમ સ્થાને પંડયા યશકુમાર રાજેન્દ્રકુમાર, દ્વિતિય ક્રમે બિહોલા અજયસિંહ મહેન્દ્રસિંહ જયારે ૬૦૦ મીટર દોડમાંમકવાણા નિકુલેપ્રથમ સ્થાન મેળવ્યું હતું. લાંબીકુદમાં પ્રથમ ક્રમે ઝાલદ સીમાબેન સુરેશભાઈ આવી હતી. જયારે અન્ડર-૧૯ ચક્રફેંક વિભાગમાં ઠાકોર રવિ તૃતિય સ્થાને તેમજ બરછી ફેંક વિભાગમાં ઠાકોર રવિએદ્વિતિય ક્રમ મેળવ્યો હતો. એથ્લેટીક સ્પર્ધામાં વિજેતા થયેલ તમામ ખેલાડીઓને શાળાના પી.ટી. શિક્ષક મનીષભાઈ પ્રજાપતિ અને શાળા પરિવારે શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા છે.

## સરકારી વિજ્ઞાન કૉલેજમાં વકૃતત્ત્વ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૯

સરકારી વિજ્ઞાન કૉલેજમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા વકૃતત્વ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં સાંપ્રત સમસ્યાના વિષયો પર વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ વિજેતા વર્ષા ચૌધરી, દ્વિતીય વિજેતા સોનેરી અર્ચના, તૃતીય વિજેતા પટેલ ભાવિન, રાજગોટ વિજયકુમાર બન્યા હતા. સ્પર્ધામાં ડૉ. ટી.એચ.ઠક્કર, ડૉ. એસ. એચ. ગોર અને શ્રીમતી શીતલબેન વ્યાસે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. શ્રીમતી વૈશાલી પાઠકે આયોજન કરેલ હતું. આચાર્ય ડૉ. પી.એ. ઠાકરેઅભિનંદન પાઠવ્યા હતા.

સાહેબ આ કહે છે... ખેતીમાં રસ નથી... ફેશન શૉ... ઓટો શૉ... એવું કાંઈ રાખો તો આવું...!!

## સરકારી વિજ્ઞાન કૉલેજ ગાંધીનગરમાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૯

સરકારી વિજ્ઞાન કૉલેજમાં સમધારા જ્ઞાનધારા સભા દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરાઈ હતી. વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષકોનો કાર્યક્રમ યોજાયો હતો. વર્ગદીઠ બેસ્ટ ટીચરના નામ જાહેર થયા હતા. પરમાર રાહુલ આઈ, ગૌસ્વામી કમલેશ, સોલંકી પંકજ. આચાર્યશ્રી ડૉ.ટી.એચ. ઠક્કર, શ્રીમતી શીતલબેન વ્યાસે માર્ગદર્શન આપેલ હતું.

## 'ક્વિઝ' માં વિજેતા સરકારી વિજ્ઞાન કૉલેજ ગાંધીનગર

સરકારી વિજ્ઞાન કૉલેજ ગાંધીનગરમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા 'ક્વિઝ' સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ વિજેતા કૌશિક ગઢવી, દ્વિતીય વિજેતા જય જાટીય, તૃતીય વિજેતા ધનરાજસિંહ મકવાણા, પ્રા.વૈશાલીબેન પાઠક, શીતલબેન વ્યાસે આયોજન કરેલ હતું, આચાર્યા ડૉ. પી.એ. વાઢેરે અભિનંદન આપ્યા હતા.

## વિદ્યાભારતી અધ્યયન કેન્દ્ર દ્વારા શિક્ષકદિનની ઉજવણી

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સે-૨૨ સંચાલિત સરસ્વતી શિશુવાટીકા અને સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિરના વિદ્યાર્થીઓનો શિક્ષણ દિન તા. ૫-૯-૧૩ ના રોજ ઉજવવામાં આવ્યો, જેમાં ધો-૧ના અરૂણ-ઉદય કક્ષના વિદ્યાર્થીઓને અલગ-અલગ પ્રવૃત્તિઓ કરાવી હતી, કે કક્કાનો પરિચય, ગીત, વંદના, યોગ, વાર્તા જેવી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ઉલ્લાસભેર લીધો હતો.

# સાબર ઈન્સ્ટીટયુટ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

હિંમતનગર સ્થિત સાબર ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ફોર ગર્લ્સ અને સાબર ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા તાજેતરમાં ગાંધીનગર ટાઉનહૉલ ખાતે ગુરૂવંદના અને શિક્ષક સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહેમાનોનું સ્વાગત સંસ્થાના ડાયરેકટર પ્રવેશ ભાદૂવિયાજીએ કર્યું હતું. દરેક શિક્ષકશ્રીઓને મોમેન્ટો અને ખેસ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર-અમદાવાદ તથા હિંમતનગર વિસ્તારનો ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં શિક્ષકો ઉપસ્થિત હતા.

પ્રસંગમાં મહાનુભાવો ગજેન્દ્રસિંહ રહેવર, મનીષભાઈ પટેલ, ભરતભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, સંદિપભાઈ પટેલ તથા આચાર્ય રાજીવ વાઘમારેજી ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ૧૦૦૦ વિદ્યાર્થીઓ તથા ૧૩૦ મહેમાન શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# જેસીઆઈ ગાંધીનગર દ્વારા વ્યકિતત્ત્વ વિકાસનાં કાર્યક્રમોની વણથંભી યાત્રા

ગાંધીનગર, તા.૯

જેસીઆઈ ગાંધીનગર દ્વારા યુવાનો માટે પાછલા સપ્તાહમાં વિવિધ પ્રકારનાં તાલિમ કાર્યક્રમોનું આયોજન થયું. જેમાં સમાજનાં દરેક વર્ગોને આવરી લેવાયા. 'કિએટીવ થીંકીંગ' કાર્યક્રમમાં જેસીઆઈના સભ્યો અને ગાંધીનગરનાં પ્રતિભાશાળી યુવાનોએ ભાગ લઈ રચનાત્મક રીતે સમસ્યાનું સમાધાન કેવી રીતે થાય તેની સુંદર તાલિમ ઈન્ટરનેશનલ ટ્રેનર શ્રી કમલ ડાબાવાળા પાસેથી મેળવી.

૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે 'ગોલ સેટીંગ અને ટાઈમ મેનેજમેન્ટ' વિષય ઉપર જાનકી પંડયા એ ખુબ જ ઉપયોગી સેમિનાર ગાંધીનગરનાં જુનિયર જેસીઝ માટે કર્યો જેમાં જે જે ચેરપર્સન પરા વૈષ્ણવે ખુબ જ સુંદર કામગીરી બજાવી હતી.

ગાંધીનગરની મહિલાઓ માટે ઈફેકટીવ હ્યુમન રીલેશન વિષય ઉપર ખુબ જ સુંદર સેમિનાર જેસીઆઈની મહિલા પાંખ દ્વારા યોજાયો હતો જેમાં પણ ૪૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો.

ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ અને જેસીઆઈ ગાંધીનગરનાં સંયુકત ઉપક્રમે, કોલેજનાં વિદ્યાર્થીઓ માટે 'ગોલ સેટીંગ' ઉપર સુંદર સેમિનારનું આયોજન થયું અને તેમાં વિષય નિષ્ણાંત તરીકે કેતન નિર્મલે ખુબ જ સરળ ભાષામાં જીવનમાં લક્ષ્યનું મહત્વ સમજાવ્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રો. દિપીબેન ભટ્ટ, પ્રો. સુરેશ પટેલ અને સંસ્થાના ડાયરેકટર પ્રા. અમીત પટેલનો ખુબ જ સહકાર મળેલ હતો.

## વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૯

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર સેકટર-૨૨ સંચાલિત મુખ્ય સેવિકા પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પોષણ સપ્તાહ અંતર્ગત તા. ૬, ૭ સબપ્ટેમ્બરના રોજ પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ પ્રોટીન, કેલરી અને લોહતત્વથી સભર વાનગીઓ બનાવી હતી. જેમાં રોલકટ અને કેળાની પૌષ્ટિક પૂરીનું પ્રદર્શન કરી બતાવ્યું હતું. બે દિવસીય કાર્યક્રમમાં આંગણવાડી સુપરવાઈઝર બહેનો, શિશુ વાટીકાના વાલીગણ અને સંસ્થાના કર્મચારીઓએ પોષણ સપ્તાહનો લાભ લીધો હતો અને કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## આર્ટ ઓફ લીવીંગના કલાસ યોજાશે

ગાંધીનગર, તા.૯

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ૧૮ વર્ષથી વધુ ઉંમરના માટે બેઝીક કોર્ષનું આયોજન તા. ૧૦ થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન સવારે ૬ થી ૯ કલાકે મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ સેકટર-૧૧ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન તેમજ સારી ખરાબ આદતોની ચર્ચા વિચારણા કરવામાં આવશે. તેમજ શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ અને રમતગમત જેવા પાસાઓ દ્વારા જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિબિર થકી તનાવ મુકિત, આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરના રજીસ્ટ્રેશન માટે સ્થળ પર અથવા સુરેશભાઈનો સંપર્ક કરવા જણાવાયું છે.

# જેસીઆઈ, ગાંધીનગર દ્વારા જેસી સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા.૯

યુવાનો માટે વ્યકિતત્વ વિકાસને કેન્દ્રમાં રાખી શહેરને યુવા પ્રવૃત્તિઓથી ધમધમતું કરનાર સંસ્થા જેસીઆઈ ગાંધીનગર દ્વારા ૯મી સપ્ટેમ્બર દરમિયાન 'જેસી સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવશે.

જેસી સપ્તાહના ભાગ રૂપે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં ઈફેકટીવ પેરેન્ટીંગ, યુવા સશકિતકરણ, અનાથ આશ્રમનાં બાળકો સાથે દિવસ, 'લેટસ ડુ ઈટ' કોલેજનાં યુવાનો માટેનો કાર્યક્રમ જેમાં આર.જે. ધ્વનિત અને શ્રી જયનારાયણ વ્યાસ મુખ્ય વકતા તરીકે યુવાનોને સંબોધશે. તદ ઉપરાંત આરોગ્ય દિવસ, યોગા જાગૃતિ દિન અને માર્ગ સલામતિ દિન અને બાળકો સાથે રમતગમત દિનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

દરેક નગરજનોને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા સંસ્થાના પ્રમુખ કેતન નિર્મલ અને સમગ્ર જેસીઆઈ ટીમ તરફથી ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ભગવાન ગણેશનો 'એકદન્તાવતાર' દેહિ-બ્રહ્મનો ધારક છે, તે મદાસુરનો વધ કરનારો છે; તેનું વાહન મૂષક દર્શાવવામાં આવ્યું છે

**પ્રસંગસર**
- માયા ભાનુપ્રસાદ દવે

**એકદન્ત**
**એકદન્તાવતારો વૈ દેહિનાં બ્રહ્મધારકઃ ।**
**મદાસુરસ્ય હન્તા સ આખુવાહનગઃ સ્મૃતઃ ॥**

ભગવાન ગણેશનો 'એકદન્તાવતાર' દેહિ-બ્રહ્મનો ધારક છે, તે મદાસુરનો વધ કરનારો છે; તેનું વાહન મૂષક દર્શાવવામાં આવ્યું છે.

મદાસુર નામે એક બળવાન પરાક્રમી દૈત્ય હતો. તે મહર્ષિ ચ્યવનનો પુત્ર હતો. એક વાર તે પોતાની પિતાની આજ્ઞા લઈને દૈત્યગુરૂ શુક્રાચાર્ય પાસે ગયો. તેને શુક્રાચાર્યને કહ્યું કે આપ કૃપા કરીને મને પોતાનો શિષ્ય બનાવી લો. હું સંપૂર્ણ બ્રહ્માંડનો સ્વામી બનવા માગું છું. આપ મારી ઈચ્છા પુરી કરવા માટે મારૂં ઉચિત માર્ગદર્શન કરો. શુક્રાચાર્ય સંતુષ્ટ થઈને તેને પોતાનો શિષ્ય બનાવી લીધો. સર્વજ્ઞ આચાર્યે તેને વિધિસહિત એકાક્ષરી (હ્રીં) શક્તિમંત્ર આપ્યો.




મદાસુર પોતાના ગુરદેવના ચરણોમાં પ્રણામ કરીને જંગલમાં તપ કરવા માટે ચાલ્યો. તેણે ભગવતીનું ધ્યાન હજારો વર્ષ સુધી કઠોર તપ કર્યું. તેનું શરીર ઉંધઈનો રાફડો બની ગયું. તેના ચારેકોર વૃક્ષો ઉગી નીકળ્યાં અને વેલાઓ પ્રસરી ગયા. તેના કઠોર તપથી પ્રસન્ન થઈ ભગવતી પ્રગટ થયા. માતાજીએ તેને નીરોગી રહેવા તથા નિષ્કંટક સંપૂર્ણ બ્રહ્માંડનું રાજય પ્રાપ્ત થવાનું વરદાન આપ્યું.

મદાસુરે પહેલાં સંપૂર્ણ ધરતી પર પોતાનું સામ્રાજય સ્થાપ્યું, પછી સ્વર્ગ પર ચઢાઈ કરી. ઈન્દ્રાદિ દેવોને જીતીને તે સ્વર્ગનો પણ શાસક બની બેઠો. તેણએ પ્રમદાસુરની કન્યા સાલસા સાથે વિવાહ કર્યો. તેનાથી તેને ચાર પુત્રો થયા. તેને શૂલપાણી ભગવાન શિવને પણ પરાજિત કરી દીધા. સર્વત્ર અસુરોનું ક્રૂરતમ શાસન ચાલવા લાગ્યું. પૃથ્વી પર સમસ્ત ધર્મ-કર્મ લુપ્ત થઈ ગયાં. દેવતાઓ અને મુનિઓનાં દુઃખોનો પાર રહ્યો નહીં. સર્વત્ર હાહાકાર થઈ ઉઠ્યો.

ચિંતિત દેવો સનતકુમાર પાસે ગયા તથા તેણે તે અસુરના વિનાશનો અને ધર્મસ્થાપનાનો ઉપાય પૂછ્યો. સનતકુમારે કહ્યું, ''દેવગણ! આપ લોકો શ્રદ્ધા - ભક્તિપૂર્વક ભગવાન એકદંતની ઉપાસના કરો. તેઓ સંતુષ્ટ થઈને આપ લોકોનો મનોરથ પૂર્ણ કરશે.'' મહર્ષિના ઉપદેશાનુસાર દેવગણો એકદંતની ઉપાસના કરવા લાગ્યા. તપશ્ચર્યાનાં સો વર્ષ, પૂરાં થયેથી મૂષકવાહન ભગવાન એકદંત પ્રગટ થયા તથા વર માગવા માટે કહ્યું, દેવોએ નિવેદન કર્યું, 'પ્રભો! મદાસુરના શાસનમાં દેવો સ્થાનભ્રષ્ટ અને મુનિઓ કર્મભ્રષ્ટ થઈ ગયા છે. આપ અમને આ કષ્ટમાંથી મુક્તિ અપાવીને આપની ભક્તિ પ્રદાન કરો.'

બીજી બાજુ દેવર્ષિએ મદાસુરને સૂચના આપી હતી કે ભગવાન એકદંતે દેવતાઓને વરદાન આપ્યું છે. હવે તેઓ તમારા પ્રાણ હરવા માટે તમારી સાથે યુદ્ધ કરવા માગે છે. મદાસુર અત્યંત કોપિત થઈને પોતાની વિશાળ સેના સહિત એકંદત સાથે યુદ્ધ કરવા ચાલ્યો. ભગવાન એકદંત માર્ગમાં જ પ્રગટ થઈ ગયા. રાશસોએ જોયું કે ભગવાન એકદંત સામેથી આવી રહ્યા છે અને તેઓ મૂષક પર સવાર થયેલ છે. તેમની આકૃતિ અત્યંત ભયાનક છે. તેમના હાથમાં પરશુ, પાસ આદિ આયુધો છે. તેમને અસુરોને કહ્યું કે ''તમે તમારા સ્વામીને કહી દો કે જો તે જીવિત રહેવા માગતો હોય તો દેવતાઓ સાથેનો દ્વેષ છોડી દે. તેમનું રાજય તેમને પરત કરે. જો તે તેમ નહીં કરે તો નક્કી હું તેના વધ કરીશ.'' મહાક્રૂર મદાસુર યુદ્ધ માટે તૈયાર થઈ ગયો. જેવો તે પોતાના ધનુષ પર બાણ ચઢાવવા ગયો કે તરત જ ભગવાન એકદંતનો તીવ્ર પરશુ તેને વાગ્યો અને તે બેભાન થઈ ઢળી પડ્યો. ભાનમાં આવ્યા બાદ મદાસુર સમજી ગયો કે આ સર્વસમર્થ પરમાત્મા જ છે. તેને હાથ જોડીને સ્તુતિ કરતાં કહ્યું કે પ્રભો! આપ મને ક્ષમા કરીને આપની દૃઢ ભક્તિ પ્રદાન કરો. એકદંતે પ્રસન્ન થઈને કહ્યું કે જયાં મારી પુજા-આરાધના હોય, ત્યાં કદીય જઈશ નહીં. આજથી તું પાતાળમાં રહેજે. દેવો પણ પ્રસન્ન થઈને એકદંતની સ્તુતિ કરી પોતપોતાના લોકમાં ચાલ્યા ગયા.

## હા, ભાઇ! આચાર્યે પણ ભણાવવું જોઇએ !

**કેમ્પસ**
- ધ્વનિલ પારેખ

**આજે જાત અનુભવથી એક મુદ્દાની ચર્ચા કરવી છે. ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપક હોવાને નાતે છેલ્લા છએક વર્ષથી ગુજરાતના અંતરિયાળ ગામોમાં ગાંધી જયંતિ નિમિત્તે જવાનું થાય છે. ગુજરાતના વિવિધ ગામોની મુલાકાત બાદ એક સામાન્ય નિષ્કર્ષ એ નીકળે છે, કે જે તે ગામની શાળાના મોટા ભાગના શિક્ષકો અપડાઉન કરતા હોય છે. આ વાત બહુ સ્પષ્ટ છે, કે અપડાઉન કરનાર શિક્ષકનો સમય આવન-જાવનમાં ઘણો જતો હોય છે અને એને કારણે જે તે શાળા પૂરતું એ શિક્ષણમાં કેટલું ધ્યાન આપી શકે, એ એક મુદ્દાનો પ્રશ્ન છે.**

**આજે આ ચર્ચા કરવા પાછળ શિક્ષણ વિભાગે તાજેતરમાં બહાર પાડેલો આદેશ છે. શિક્ષણ વિભાગને અસંખ્ય ફરિયાદો મળ્યા પછી આ પ્રકારનો આદેશ બહાર પાડવામાં આવ્યો છે કે, જો શિક્ષકો નિયમિત શિક્ષણકાર્ય નહીં કરે તો એમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આ અખબારી વિગતોમાંથી એવું પણ જાણવા મળ્યું છે, કે રજા અંગે પણ શિક્ષકો દ્વારા ગેરરીતિ આચરતી જોવા મળે છે. મિત્રો, સાથે ગોઠવણ કરીને રજા પર રહેવું અને એ અંગે કોઇ પણ પ્રકારની જાણકારી શાળાને આપવી. પ્રશ્ન એ થાય છે કે, જો શિક્ષક કોઇ પણ પ્રકારની જાણકારી વગર રજા પર રહે તો આચાર્યની કાંઇ ફરજ બને છે કે નહીં? આ સમગ્ર બાબત ઉપર શિક્ષણ વિભાગે આચાર્યની કામગીરી સંદર્ભે જ આદેશ બહાર પાડ્યો છે.**

**શિક્ષણનું મુખ્યત્વે કામ શું છે? એણે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું છે, જે કંઇ એ જાણે છે એની આવનારી નવી પેઢી સુધી પહોંચાડવાનું છે અને એ રીતે એણે એક આખી નવી પેઢીનું સંવર્ધન કરવાનું છે. શિક્ષકની કામગીરીના પાયામાં જે છે એમાંથી જ એ હવે ધ્યાનચ્યુત થયો જાય છે અને અન્ય કામગીરીમાં જ અટવાતો ફરે છે અને એમાં આચાર્યોનો સમાવેશ પણ થઇ જાય છે. આચાર્ય ઘનતાર શિક્ષક આચાર્ય બન્યા પછી ભૂલી જાય છે કે એ મળે તો શિક્ષક છે. જેમ જેમ આચાર્યની ખુરશીની સત્તા એના હાથમાં વધતી જાય છે. તેમ તેમ શિક્ષણ ઉપરની એની પકડ છટતી જાય છે. શિક્ષણ ઉપર વહીવટ હાવી થતો જાય છે, શિક્ષક આચાર્ય બને છે ત્યારે એને એ ખ્યાલ હોય છે, ખરો કે એણે વહીવટ કરવાની સાથે સાથે 'થોડું ઘણું' શિક્ષણ કાર્ય પણ કરવાનું હોય છે. આ 'થોડું ઘણું' એટલા માટે કહું છું કે એણે વહીવટ પણ કરવાનો હોય છે. પણ ધીમે ધીમે એ વહીવટની આંટીઘૂંટીમાં એવો અટવાતો જાય છે કે, 'થોડું ઘણું' શિક્ષણ પણ એ વિદ્યાર્થીને આપી શકતો નથી અને બિલકુલ વહીવટી અધિકારી થતો જાય છે.**

**શિક્ષક તરીકેની સંવેદના આચાર્યમાંથી લુપ્ત થતી જાય છે પછી એનો અન્ય લોકો સાથેનો વ્યવહાર પણ તપાસવા જેવો હોય છે. શિક્ષક અને સંવેદના? આજના સમયમાં કદાચ આ બે શબ્દો એકબીજાનાં પર્યાય બની ગયા હોય એવું લાગે છે પણ જે સંવેદનશીલ નથી એ વળી શિક્ષક શાનો? વહીવટમાં પડેલો માણસ એની કડકાઇ, કડપને કારણે ધીમે ધીમે સંવેદના ગુમાવતો જાય છે, એનો ઘણો અનુભવ આપણને સહુને થયો છે અને થતો રહેશે.**

**શિક્ષણથી વિમુખ રહેલા આચાર્યો સામે હવે તવાઇ આવી છે. (આમ તો શિક્ષણ વિભાગ ઘણા બધા આદેશો બહાર પાડે છે પણ એ બધાનું અમલીકરણ થાય છે કે કેમ?) શિક્ષણ કાર્ય ન કરાવતા આચાર્યોએ પણ હવે વર્ગખંડમાં જઇને વિદ્યાર્થીઓને ભણાવવું પડશે. જે આમ હોય તો આચાર્યની જવાબદારી વધે છે. આમ તો આ કંઇ નવી જવાબદારી નથી. પણ એ જવાબદારીનું વહન યોગ્ય રીતે થતું ન હોવાને કારણે આ પ્રકારના આદેશો શિક્ષણવિભાગ અવારનવાર બહાર પાડ્યા કરે છે.**

**એક મુદ્દો એ પણ વિચારાવાનો રહે છે કે ગુજરાતની ૧૩,૦૦૦ થી વધારે પ્રાથમિક શાળાના આચાર્યો શિક્ષણથી વિમુખ જ રહે છે! અપવાદ તો બધે જ હોવાનો. આપણે એવા આચાર્યો પણ જોયા હશે કે જે કુશળતાથી વહીવટ પણ કરે અને વર્ગને સ્વર્ગ પણ બનાવે. પણ હવે એવા આચાર્યો તો જવલ્લે જ જોવા મળે છે. મુદ્દો એ પણ છે કે ખરેખર આચાર્યોને શિક્ષણકાર્યમાં રસ નથી કે પછી વહીવટનો બોજ જ એટલો બધો છે કે એ પોતાની ઓફિસમાંથી બહાર નીકળીને વર્ગખંડ સુધી પહોંચી શકતા નથી? જો આ વાતમાં એટલું તથ્ય હોય તો આચાર્યનો વહીવટનો બોજ હળવો થાય અને એ વર્ગખંડ સુધી પહોંચી શકે એવી સુવિધા કરવાની ફરજ પણ શિક્ષણ વિભાગની રહે છે, માત્ર આચાર્યના માથે દોષનો ટોપલો નાખી દેવાથી પુરી થતી નથી. એ વહીવટમાં રચ્યોપચ્યો રહે એવું વાતાવરણ ઊભું કરવામાં આવે અને બીજી બાજુ એવી ફરિયાદ કરવામાં આવે કે આચાર્યો શિક્ષણકાર્ય કરતા નથી તો ફરિયાદ પાયાવિહોણી છે. એ વહિવટ પણ કરે અને નિયમ મુજબનું શિ